**ક્રિ.પ.અ.નં. ૩૩૨/૨૦૨૬**

**ધાનપુર પોલીસ સ્ટેશન પાર્ટ સી ગુ.ર.નં. ૧૧૮૨૧૦૧૪૨૬૦૮૨૪/૨૦૨૬ ના કામે અરજદાર : મોહનીયા પિન્ટેશભાઈ દિપાભાઈનાઓની મુદ્દામાલની અરજી લગત હુકમ :–**

.............................................................................................................

(૧) અરજદારે બી.એન.એસ.એસ. કલમ–૪૯૭ હેઠળ કરેલ સદર અરજી કરી એવી હકીકત જણાવેલ છે કે, અરજદાર પાસે તેઓની માલિકીની INDIA YAMAHA MOTORS LTD કંપનીની SZ R મોટર સાયકલ જેનો રજી. નં. GJ-06-FA-1305 છે. જે મુદામાલ ધાનપુર પોલીસ સ્ટેશન પાર્ટ સી ગુ.ર.નં. ૧૧૮૨૧૦૧૪૨૬૦૮૨૪/૨૦૨૬, પ્રોહી એકટની કલમ–૬૫એએ, ૧૧૬બી, ૯૮(૨) મુજબના ગુન્હાના કામે પોલીસે કબજે કરી પોલીસ સ્ટેશનમાં રાખેલ છે. જેથી સદર મુદ્દામાલ પરત મેળવવા માટે અરજદારે હાલની અરજી કરેલ છે.

(૨) અરજદારની અરજી લગત સામાવાળા સરકાર તરફે ત.ક.અ. દવારા સદર અરજી સબબ અભીપ્રાય આપેલ છે જેમાં મુખ્યત્વે જણાવેલ છે કે, ''અરજદારને તેનું વાહન પરત સોંપવામાં આવે તો અરજદાર ફરીથી બીજા કોઈ ગુન્હામાં ઉપયોગ કરવામાં આવે તેવી શકયતા રહેલી હોય જેથી સદર મુદામાલ અરજદારને પરત સોંપવામાં ન આવે તેવો અભીપ્રાય આપેલ છે.'' વધુમાં વિ.એ.પી.પી.શ્રી.એ અરજદારની અરજી અન્વયે યોગ્ય હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

(૩) બંને પક્ષોની રજુઆતો ધ્યાને લીધી તેમજ અરજદારની અરજી, રજુ થયેલા દસ્તાવેજી પુરાવા તથા પોલીસ અભિપ્રાય સાથેના કાગળોમાં પંચનામું તથા મુદ્દામાલ પાવતી વંચાણે લેતા મુદામાલ વાહન સદર ગુનામાં કબજે કરવામાં આવેલ છે તેમજ સદરહુ મુદ્દામાલ વાહન અરજદારની માલિકીનું હોવાનુ જણાઈ આવે છે. સદરહુ વાહન અંગે આરોપીની નો–કલેઈમ પુરશીશ રજુ હોય, ત્યારે હાલના કામે ગુનાની જોગવાઈઓ તથા નામદાર સુપ્રિમ કોર્ટના જી.એલ.એલ. ૨૦૦૩ (૧) પાન નં. ૩૦૭ સુંદરલાલ અંબાલાલ દેસાઈ વિ. ધી સ્ટેટ ઓફ ગુજરાતના ચૂકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતો અને માર્ગદર્શનને લક્ષમાં રાખી સદરહું મુદ્દામાલ વાહન વધુ સમય પોલીસ સ્ટેશનમાં રાખી મુકવુ ન્યાયોચિત જણાતુ નથી અને જો તેમ કરવામાં આવે તો સદરહું મુદ્દામાલને નુકસાન થશે અને સદરહું મુદ્દામાલની મુળ કિંમતમાં ઘટાડો થશે અને અરજદારને ખોટી મુશ્કેલી વેઠવી પડશે, વિગરે તમામ સંજોગો ધ્યાનમાં રાખી સદરહું મુદ્દામાલ શરતોને આધીન

અરજદારને વચગાળાની કસ્ટડીથી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે તો તે મારી દૃષ્ટિએ યોગ્ય અને વ્યાજબી જણાતુ હોય, નીચે પ્રમાણે આખરી હુકમ કરવામાં આવે છે.

**::::: હુ ક મ :::::**

આ કામના અરજદારની હાલની મુદ્દામાલની અરજી **મંજુર** કરવામાં આવે છે.

ધાનપુર પોલીસ સ્ટેશન પાર્ટ સી ગુ.ર.નં. **૧૧૮૨૧૦૧૪૨૬૦૮૨૪/૨૦૨૬**, પ્રોહી એકટની કલમ–૬૫એએ, ૧૧૬બી, ૯૮(૨) ના કામે કબજે લેવાયેલ મુદ્દામાલ **INDIA YAMAHA MOTORS LTD કંપનીની SZ R મોટર સાયકલ જેનો રજી. નં. GJ-06-FA-1305** ને તેની કિંમતની દોઢી રકમના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા આપેથી મુદ્દામાલ વચગાળાના તબકકે નીચેની શરતોને આધીન પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**–: શ ર તો :–**

(૧) અરજદારે મુદ્દામાલ કેસ ચાલતા દરમ્યાન અન્ય કોઈને વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઈ પણ રીતે ટ્રાન્સફર કે તબદીલ કરવું કરાવવું નહી.

(૨) મુદ્દામાલનો કોઈ પણ રીતે કોઈ પણ પ્રકારને ગુન્હાહિત પ્રવૃતિમાં ઉપયોગ કરવો કરાવવો નહિ કે તેની ઓળખ કે સ્વરૂપમાં કોઈ પણ રીતે ફેરફાર કરવો કરાવવો નહિ તેમજ નામદાર કોર્ટ જયાં અને જયારે ફરમાવે ત્યારે રજુ કરવું.

(૩) હુકમ અનુસાર મુદ્દામાલ પરત સોંપતી વખતે જવાબદાર પોલીસ અધીકારીશ્રીએ અરજદારની ઓળખાણની ખાતરી કરી તેની માલિકી અંગે ખરાઈ અને ખાત્રી કર્યા બાદ જ પરત સોંપવો.

(૪) સદરહું ગુનાની નોંધ સદરહું વાહનની આર.સી.બુકમાં કરાવવા માટે તપાસ કરનાર અમલદાર સમક્ષ રજુ કરી સદરહુ આર.સી.બુકમાં સદરહુ ગુનાની નોંધ કરાવી, તેની ઝેરોક્ષ મેળવી તપાસ કરનાર અમલદારે ચાર્જશીટના કાગળો સાથે રજુ રાખવી.

(૫) મુદ્દામાલ હુકમ અનુસાર અરજદારને સોંપવા અંગેનો વિગતવારનો રીપોર્ટ આ હુકમની એક પ્રત જરૂરી બોન્ડ ચાર્જશીટના કાગળો સાથે રજુ રાખવા.

ઉપરોકત શરતોનું અરજદારે ચૂસ્તપણે પાલન કરવાનુ રહેશે, અને તે પૈકી કોઈ પણ શરતનુ ભંગ થયેથી આ હુકમ આપો આપ રદ થયેલો ગણાશે અને તપાસ કરનાર અમલદાર કે અધિકૃત પોલીસ અધિકારીને તેનો તાત્કાલિક કબજો લેવાનો રહેશે.

હુકમની શરતોની યાદી સબંધીત પોલીસ સ્ટેશને કરવી.

હુકમ આજરોજ તા.૧૩ [મી], જુલાઈ, ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :૧૩/૦૭/૨૦૨૬
સ્થળ : ધાનપુર

**(રોહન રાજેન્દ્રકુમાર સુતરીયા)**
**જ્યુડી.મેજી.ફ.ક., ધાનપુર.**
**કોડ નં.જી.જે.૦૧૪૫૭**